ગ્રામ પંચાયતોને નગરપાલિકામાં રૂપાંતરિત કરવા સક્રિય વિચારણા

ગાંધીનગર, તા. ૧૨

રાજ્યમાં ગ્રામ પંચાયતોને નગરપાલિકામાં રૂપાંતરિત કરવા આઉટ ગ્રોથ એરિયાને હયાત નગરપાલિકાઓમાં સમાવવા તેમજ હાલની કાયદાકીય જોગવાઈઓનો અભ્યાસ કરીને તેમા સૂચિત સુધારાઓ કરવાની દિશામાં રાજ્ય સરકારે સક્રિય વિચારણા હાથ ધરી છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના મોટાભાગના શહેરોમાં સતત વધતી જતી વસતિના કારણે સુઆયોજીત શહેરીકરણ માટે વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે ગ્રામ પંચાયતોને નગરપાલિકામાં રૂપાંતરિત કરવા આઉટગ્રોથ એરિયાને હયાત નગરપાલિકામાં સમાવવા મહાપાલિકા નગરપાલિકાની બોર્ડ રચના કરવા અને કાઉન્સિલરો નક્કી કરવા અંગે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને એક બેઠક મળી હતી. જેમાં હાલમાં ૧૫ હજારની વસતિ પ્રમાણે નગરપાલિકા રૂપાંતરીત કરવાની ગુજરાત પંચાયત અધિનિયમમાં જોગવાઈ છે તેના બદલે ૨૫ હજારની વસતિનું ધોરણ રાખવા તેમજ હાલની ૨૫ હજારથી ઓછી વસતીવાળી હયાત નગરપાલિકાઓને નગરપાલિકા તરીકે ચાલુ રાખવા મુખ્યમંત્રીએ સૂચન કરેલ.

આ સંદર્ભે રાજ્ય સરકારે માર્ગ અને મકાન તેમજ આરોગ્ય મંત્રી નીતિનભાઈ પટેલના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિએ હાલની કાયદાકીય જોગવાઈઓ અને તેમાં સૂચિત સુધારાઓ કરવા હયાત ગ્રામપંચાયતોને નગરપાલિકામાં રૂપાંતરિક કરવા ભૌગોલિક ક્ષેત્રની દૃષ્ટિએ નજીક નજીકની ગ્રામ પંચાયતોને સંયુક્ત નગરપાલિકા બનાવવા ગ્રામ પંચાયતોનો નગરપાલિકા નજીકનો વિસ્તાર હયાત નગરપાલિકા મહાપાલિકામાં સમાવાવ આઉટગ્રોથ એરિયાને મહાનગરપાલિકાઓ નગરપાલિકામાં સમાવવા અને ભૌગોલિક રીતે જોડાયેલી નગરપાલિકાઓની એક સંયુક્ત નગરપાલિકા બનાવવાની બાબતોનો અભ્યાસ કરીને ભલામણો સાથેનો એક અહેવાલ રાજ્ય સરકારને સુપરત કરવાનો રહેશે.

આ ઉપરાંત વર્ષ-૨૦૧૫ માં આવનાર મહાનગરપાલિકા અને નગરપાલિકાની ચૂંટણીને ધ્યાનમાં રાખી વોર્ડની સંખ્યા અને વોર્ડ રચના તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં ૫૦ ટકા મહિલા સીટો અનામત રાખવા બાબતના સૂચિત કાયદા અન્વયે વોર્ડની સંખ્યા અને દરેક વોર્ડમાં કાઉન્સિલરોની સંખ્યા તેમજ ૨૦૧૧ની વસતી વગેરે મુદ્દાઓ સમિતિએ ધ્યાનમાં લેવાના રહેશે.

સુરતમાં ૨.૭૦ કરોડનું કાળું નાણું ઝડપાતા ભારે ચકચાર

બેનામી આવકના અનેક પુરાવા હાથ લાગ્યા : ઉંડી તપાસ

સુરત, તા.૧૨

સુરતમાં ૨.૭૦ કરોડનું કાળું નાણું પકડી પાડવામાં આવકવેરા વિભાગને સફળતા મળી છે. સુરતમાં રિંગરોડ સ્થિત ટેક્સટાઇલ પેઢીમાં ચાલી રહેલી તપાસમાં બેનામી આવકના દસ્તાવેજો મળી આવ્યા હતા. બે દિવસની તપાસ સમીક્ષામાં પેઢીનું ૨.૭૦ કરોડનું કાળું નાણું ઝડપાયું હોવાનું વિભાગીય સૂત્રોએ જણાવ્યું હતું. કતારગામ સ્થિત હીરાની પેઢી પર શરૂ કરેલી તપાસ આજે તમામ સ્થળો પર પૂર્ણ થઇ હ તી. તપાસમાં વિભાગને ૫૦૦ કરોડ રૂપિયાથી વધઉની બેહિસાબી સંપત્તિના દસ્તાવેજો મળી આવ્યા હતા. તપાસ બાદ ૧૫૦ કરોડ રૂપિયા ટેક્સ પેટે મળે તેવી શ ક્યતા છે. આવકવેરા વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ ડીઆઈ વિંગ દ્વારા કતારગામમાં નંદૂડોશીની વાડી નજીક સ્થિત એચવીકે ઇન્ટરનેશનલ ડાયમંડની પેઢી પર તપાસ શરૂ કરાઈ હતી. ૧૫૦ અધિકારીઓની ટીમ સાથે સુરત, અમદાવાદ, મુંબઈમાં ૨૧ સ્થળો પર શરૂ કરાયેલી તપાસ પૂર્ણ થઇ હતી જેમાં વિભાગે જમીન ખરીદી વેચાણ તેમજ શેરબજારમાં રોકાણ સહિતના ૫૦૦ કરોડ રૂપિયાથી વધુની મિલ્કતના દસ્તાવેજો જપ્ત કર્યા હતામળતી માહિતી અનુસાર પેઢીના માલિક નાગજી સાકરિયા ઉપસ્થિત ન હોવાથી આયકર વિભાગે તેમને હાજર થવા માટેની સૂચના આપી હતી. કાપડ વેપારી દ્વારા પણ કરોડોની ટેક્સ ચોરી કરી છે. આયક વિભાગ દ્વારા રિંગરોડ સ્થિત કાપડ માર્કેટમાં રિજન્ટ માર્કેટ અને સુરત ટેક્સટાઇલ માર્કેટમાં શિવસાગર ડાઇંગ નામની કાપડની પેઢી પર તપાસ કરાઈ હતી જેમાં ૨.૭૦ કરોડ રૂપિયાની બેનામી આવક મળી આવી હતી. આવકવેરા વિભાગે હાલમાં કાળા નાણાને પકડી પાડવા માટે કમરકસી દીધી છે જેના ભાગરુપે ઘણી પેઢીઓ અને કંપનીઓમાં ઉંડી તપાસ ચાલી રહી છે.

કંપની સમાચાર

ઈન્ડિયન ઈન્ટરનેશનલ ફેબ્રીક એક્સ્પો ૨૦૧૪ નો અમદાવાદ ખાતે ઓક્ટોબર ૧૪ થી પ્રારંભ

વૈશ્વિક તથા ભારતીય અર્થતંત્રમાં તેજીનો સંચાર જોવા મળી રહ્યો છે, ત્યારે ઓક્ટોબર ૧૪ થી ૧૬, ૨૦૧૪ દરમિયાન અમદાવાદ ખાતે યોજાનારા ઈન્ડિયન ઈન્ટરનેશનલ ફેબ્રિક એક્સ્પો, ૨૦૧૪ (આઈઆઈએફઈ, ૨૦૧૪) પાવરલુમ માલિકો તથા ટેક્સટાઈલ્સ નિકાસકારોને ભારતમાંથી ખરીદી કરતી વિદેશી કંપનીઓ સાથે કારોબાર કરવાની અમૂલ્ય તક પુરી પાડે છે. આ ત્રણ દિવસીય પ્રદર્શનનું આયોજન પાવરલુમ ડેવલપમેન્ટ એન્ડ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (પીડીઈએક્સીસીઆઈએલ) દ્વારા ભારત સરકારના ટેક્સટાઈલ્સ મંત્રાલયના સંપૂર્ણ સહયોગથી અને વેપાર અને ઉદ્યોગ માટેના કેન્દ્રિય મંત્રીલાયની માર્કેટ આસિસ્ટન્ટ ઈનિશ્યેટીવ સ્કીમ અંતર્ગત કરવામાં આવી રહ્યું છે. આ પ્રદર્શન અંગે વિગતો આપતાં પીડીઈએક્સસીઆઈએલના ચેરમેન શ્રી વિશ્વનાથ અગ્રવાલે જણાવ્યુ હતું કે સાર્ક, એસિયાન, આફ્રિકા, યુરોપ, અમેરિકાના વિવિધ દેશોની કંપનીઓના પ્રતિનિધિઓ તથા ગાર્મેન્ટના ભારતીય નિકાસકારો, ઉત્પાદકો, ખરીદી કરતા ઉદ્યોગગૃહો અને વિદેશી કંપનીઓ વતી ખરીદી કરતાં ભારતીય એજન્ટો આ પ્રદર્શનની મોટી સંખ્યામાં મુલાકાત લે એવી ધારણા છે. અગાઉ માર્ચ, ૨૦૧૪ માં મહારાષ્ટ્રના ઈચ્છાલકાનાજી અને સપ્ટેમ્બર, ૨૦૧૩ માં કોલંબો ખાતે આઈઆઈએફઈનું જે આયોજન કરવામાં આવ્યું હતું, તેને મળેલી સફળતાને ધ્યાનમાં લેતાં અમદાવાદમાં યોજાનારૂ આંતરરાષ્ટ્રીય પ્રદર્શન ટેક્સટાઈલ ઉદ્યોગ માટે ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરે એવી આશા છે.

મહિન્દ્રાએ ગ્લોબલ સ્કૂટર 'ગસ્ટો' સ્કૂટર બઝારમાં રજૂ કર્યું

યુએસના ૧૬.૫ અબજ ડોલરના મહિન્દ્રા ગ્રુપનો ભાગ મહિન્દ્રા ટુ વ્હિલર્સ લિમિટેડ જેની ઘણા સમયથી રાહ જોવામાં આવતી હતી તે સંપૂર્ણપણે સ્વદેશમાં પુણે સ્થિત તેની અત્યાધુનિક આરએન્ડડી સુવિધા ખાતે નિર્માણ પામેલ ગ્લોબલ સ્કૂટર 'ગસ્ટો' રજૂ કર્યું હતું.

ગસ્ટો એ ગસ્ટ પરથી ઉપરી આવેલ નામ છે, જેનો અર્થ પવનની જોરદાર લહેર થાય છે, જે સ્વતંત્રતાની ભાવનાનું પ્રતીક છે. ગ્રાહકો સ્કૂટર્સના અનુભવને લઈ કન્ઝ્યુમર ઈન્સ્પાયર્ડ ટેકનોલોજી નવીનીકરણના દૃષ્ટિકોણથી પરિવર્તનની લહેરનો અહેસાસ કરાવે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. મહિન્દ્રા ગસ્ટો ભારતનું પ્રથમ સ્કૂટર છે, જે કોઈ પણ વ્યક્તિને તેમની ઊંચાઈને અનુરૂપ હાઈટ એડજસ્ટેબલ સીટની ખાસ પેટન્ટ ધરાવે છે. ગસ્ટોની લાક્ષણિકતા, મજબૂતી અને પ્રેરણાદાયી સ્ટાઈલનો ઉદ્ગમ ઈટાલીમાં થયેલ છે. તેનું અત્યાધુનિક (એમ-ટેક) એન્જિન તથા વાહનની ડિઝાઈન સર્વોત્તમ દેખાવ, અસરકારકતા, વિશ્વસનીયતા, સવારીની ગુણવત્તા તેમ જ વધુ અનુકૂળતાની ઓફર કરે છે. તે રિમોટ ફીલીપ કી, ફાઈન-એમઈ લેમ્પ્સ, ગાઈડ લેમ્પ્સ, બ્રાઈટ હેલોજન હેડ લેમ્પ એલઈડી પાઈલોટ લેમ્પ્સ સાથે વધુ સરળ ફ્રન્ટલ કીક તથા ક્વિક સ્ટોરેજ કમ્પાર્ટમેન્ટ જેવી નવીનત્તમ વિશેષતા ધરાવે છે. વિસ્તૃત ડિઝાઈનની આ પ્રક્રિયામાં ગ્રાહકલક્ષી વ્યાપક સંશોધન સામેલ કરવામાં આવેલ છે તેમ જ ગ્રાહકના ઊંડાણપૂર્વકના દૃષ્ટિકોણને ધ્યાનમાં લેવામાં આવેલ છે.

૨૪ દિવસ જ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સપ્ટેમ્બરના રોજ ૯૬ મિ.મિ. વરસાદ નોંધાયો હતો. જે ચોમાસા દરમ્યાન નોંધાયેલ નોંધનીય વરસાદ છે.

જિલ્લામાં ચોમાસા દરમ્યાન સામાન્યતઃ ૭૧૬ મિ.મિ. જેટલો વરસાદ નોંધાતો હોય છે પરંતુ આ વર્ષે માત્ર ૬૩૬ મિ.મિ. જેટલો જ વરસાદ નોંધાયો છે. આ ચોમાસામાં જુલાઈ માસમાં જ સિઝનનો ૫૦ ટકા જેટલો વરસાદ નોંધાયો હતો.

૨૪ દિવસમાં પડેલા વરસાદને કારણે જમીનમાં ભેજનું તત્વ સારૂ એવું થવા પામ્યું છે. જો કે આસો માસમાં પડી રહેલી ગરમીને કારણે શિયાળો મોડો પડશે તેવુ લોકોનું કહેવું છે અને તેને કારણે રવિ સીઝનની વાવણી પણ જે દિવાળી પછીના પખવાડિયા બાદ શરૂ થશે.

જિલ્લામાં આ વખતે છુટો છવાયો વરસાદ રહેતાં ખરીફના વાવેતર પર ભારે અસર થવા પામી છે. જુન મહિનો સાવ કોરો રહેવા પામ્યો હતો. ઓગષ્ટમાં પણ વરસાદ જોઈએ તેવો થયો નહિ. તો સપ્ટેમ્બરમાં પડેલો પાછોતરો વરસાદ પણ પાણીની સમસ્યામાં રાહત આપવા સિવાય બહુ પડ્યો નથી.

રવિવાર સુધારી દીધો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તૈયાર કપડાં અને ડ્રેસ મટીરીયલ્સમાં વિતરકો દ્વારા ડિસ્કાઉન્ટની ઓફર કરવામાં આવ્યું હતું. ડ્રેસ મટીરીયલ્સમાં કચ્છી, ભરવાડી અને મારવાડી ભરત ઉપરાંત કચ્છી બાંધણીની સાડીઓએ મહિલાઓમાં ઉત્સુકતા જન્માવી હતી. આ ઉપરાંત ઈમીટેશન જ્વેલરી, અમેરિકન ડાયમંડના ઓર્નામેન્ટ્સ, વિવિધ કટલરીની આઈટમો જેવી કે હેર પીન, બક્કલ વગેરેની અદ્દભુત વેરાયટી વેચાણ અર્થે મોજુદ હતી. આ ઉપરાંત સીરામીક આઈટમો જેવી કે કપ રકાબી, મગ અને અન્ય તેમજ વિવિધ દિવડા જેમાં વુડન કટીંગ આર્ટિકલ સાથે અને માટી તેમજ પ્લાસ્ટર ઓફ પેરિસના મટીરીયલ્સથી બનાવેલ રંગબેરંગી અનેક ડીઝાઈનોમાં ઉપલબ્ધ હતા. બેકરીની ચીજવસ્તુઓણાં કુકીઝ, બીસ્કીટ, ખારી, ટોસ્ટ વગેરે ઉપરાંત હોમ મેઈડ ચોકલેટ્સ વગેરે પણ અલગ અલગ ફ્લેવરમાં ઉપલબ્ધ હતી. આ ઉપરાંત અન્ય નાસ્તાઓ જેવા કે ભાખરવડી, ગાંઠિયા, મઠિયા, શક્કરપારા, સેવો, ચવાણુ વગેરે અને તલોદના પ્રખ્યાત ઈન્સ્ટન્ટ મીક્ષ પણ જોવા મળ્યા હતા. આ સાથે એક સ્ટોલ પર જામફળ, કેરી અને પાઈનેપલનો પલ્પ તેમજ જ્યુસ વગેરે પણ મુલાકાતીઓને આકર્ષી રહ્યો હતો. આ ઉપરાંત નાની નાની ચીજવસ્તુઓ જેવી કે કિચેઈન, મોબાઈલ પર્સ, હાથમાં રાખવાના પર્સ, વીંટીઓ, બ્રેસલેટ્સ વગેરે પણ અદ્દભુક વેરાઈટીમાં વેચાણ અર્થે રજુ કરાઈ હતી.

આ ઉપરાંત અહીં ડ્રાયફ્રુટ્સ જેવા કે બદામ, કાજુ, દ્રાક્ષ, ખારેક, અજીંર, અખરોટ, જરદાળુ વગેરે તૈયાર પેકમાં રાહતદરે વિતરણ કરાઈ રહ્યાં હતા. અહી ડૉ. આરતી બુચ દ્વારા હોમિયોપેથિક શેમ્પુ અને ઓઈલ પણ પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. એક સ્ટોલ પર પ્રાણીઓની ચરબીનો ઉપયોગ કર્યા વગર બનાવેલ જૈનિજમ સાબુનું વેચાણ કરાતુ હતુ. જેને જૈન મુલાકાતીઓમાં ભારે આકર્ષણ જમાવ્યુંહતું. આ દિવાળી મેળામાં ચશ્માના સ્ટોલ પર વિવિધ ડીઝાઈનના ચશ્માની સાથે આંખના નંબર પણ ચેક કરવાની સુવિધા રાખવામાં આવી હતી.

જૈન સોશ્યલ ગ્રૂપના આ દિવાળી શોપીંગ મેળામાં મુલાકાતીઓએ રવિવારની રજાનો ઉપયોગ કરતા ભારે ભીડ જમાવી હતી અને દિવાળી ઉત્સવ સમયે ઉપયોગમાં આવે તેવી અસંખ્ય વસ્તુઓની ખરીદી કરી હતી. આ મેળામાં મુલાકાતીઓમાં મહિલાઓ મોટી સંખ્યામાં ઉમટી પડી હતી. આ મેળામાં કુલ ૨૦ સ્ટોલ્સ વિવિધ ચીજવસ્તુઓના રાખવામાં આવ્યા હતા જ્યારે બીજા ૪ સ્ટોલ્સ ખાણીપીણીના રાખવામાં આવ્યા હતા. જ્યાં મુલાકાતીઓએ ખરીદી બાદ રીફ્રેશ થવા માટે પાણીપુરી, ભેળ, પફ, સમોસા, આઈસ્ક્રીમ, ઠંડા પીણા, છાશ વગેરેની જયાફત ઉડાવી હતી.આ દિવાળી શોપીંગ મેળા માટે જૈન સોશ્યલ ગ્રૂપના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

૪૦ ટકા ગેરહાજર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સામાન્ય જ્ઞાનના પ્રશ્નપત્રમાં સૂર્ય-ચંદ્ર ગ્રહણ, ફિલ્મ નિર્માણ સંબંધી, મહિલાઓને રક્ષણ આપવા સંબંધી કાયદા, ફીફા વર્લ્ડકપને લઈ, અમદાવાદ-દાહોદનો ૨૦૧૧ની વસ્તી ગણતરીમાં સાક્ષરતા દરને લઈ, ભારતીય બંધારણને કયારે મંજુરી અપાઈ, ૧૯૩૦માં મહાત્મા ગાંધીના નેતૃત્વમાં મહત્વની ઘટના, નરેન્દ્ર મોદીએ નાગરિકો માટે ઈન્ફર્મેશન ટેકનોલોજી આધારિત ડીઝીટલ સંપર્ક સેતુના માધ્યમથી શાસનમાં ભાગીદારીને વધારવા જાહેર કરેલું સિમાચિહન પગલું, ગુજરાતનો વિસ્તાર (અક્ષાંશ-રેખાંશ)માં, માતા યશોદા એવોર્ડ શાના માટે અપાય છે, મહાગુજરાતની માંગ ન કરાઈ ત્યારે પુનઃરચના પંચના અધ્યક્ષ કોણ હતા, ગુજરાતનો સોનેરી વાનનો મુલક, ઈબોલા શું છે, બજેટમાં વરિષ્ટ નાગરિક માટેની કરમુકત આવક કેટલી? આર.ટી.ઈ. ગુજરાતમાં કયારથી અમલી બન્યો, ૨૦૧૧ના ભૂકંપનું ઉદગમબિંદુ કયાં હતું જેવા પ્રશ્નો પુછવામાં આવ્યા હતા.

ગણિતનું પ્રશ્નપત્ર આમ તો સરળ હતું પરંતુ લાંબુ હોવાને કારણે કટેલાક પ્રશ્નો છોડી દેવા પડયાનું પરીક્ષાર્થીઓનું કહેવું છે. કહેવતો અને અર્થને લગતા પ્રશ્નો પણ પુછાયા હતા.

ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રવાસ નરેન્દ્રભાઈ કરતાં વધારે છે. રાજયની મહિલાઓ માટેની યોજનાઓને પ્રાધાન્ય આપતા ચીફ મિનિસ્ટર બાળકોમાં લોકપ્રિય ઓછા હશે તેનું મુખ્ય કારણ તેમનો આચાર્યા તરીકેનો પ્રભાવ છે. સ્કૂલની મુલાકાતે જાય છે તો તેઓ આચાર્યા હોય તેવા પ્રશ્નો પૂછે છે એટલે બાળકો તેમનાથી થોડાં ગભરાય છે...

ટીમ ગુજરાત પછી ટીમ ઇન્ડિયાની સફર ...

ગુજરાતમાં સાતમી ચિંતન શિબિરમાં નરેન્દ્ર મોદીએ વહીવટી અધિકારીઓને ટીમ ગુજરાત નામ આપ્યું હતું હવે દિલ્હીમાં ટીમ ઈન્ડિયા નામ આપવામાં આવ્યું છે. પ્રાઈમ મિનિસ્ટર ખુદ તેમના વક્તવ્યોમાં વહીવટી તંત્રના અધિકારીઓને ટીમ ઈન્ડિયા ના નામે સંબોધન કરે છે. એક હકીકત એ પણ છે કે પ્રાઈમ મિનિસ્ટર ઓફિસ એટલે કે પીએમઓમાં ગુજરાતી ઓફિસરોની મોટી ફોજ છે. ગુજરાતની બીજી કઈ યોજનાઓ ભારતમાં શરૂ થઈ શકે તેમ છે તેનો અભ્યાસ હજી પણ થઈ રહ્યો છે. આ અભ્યાસમાં ટોબેકો ફ્રી ઈન્ડિયા પણ આવે છે....

જ્ઞાતિ અને જિલ્લાનું પ્રતિનિધિત્વ ભૂલાતું નથી ...

સચિવાલયમાં આજકાલ ચર્ચાના એજન્ડામાં સ્પીકરપદ અને કેબિનેટનું વિસ્તરણ છે. કોઈ ખૂણે બોર્ડ-કોર્પોરેશનમાં પોલિટીકલ નિમણૂકોનો મુદ્દો પણ છેડાય છે. પાર્ટી સાથે બેસીને ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલને આ વૈતરણી પાર કરવાની છે. ભાજપના સૌરાષ્ટ્રના સિનિયર નેતા વજુભાઈ વાળા ગવર્નર બની ગયા પછી સ્પીકરની ખુરશી ખાલી પડી છે. બે મિનિસ્ટર સંસદસભ્ય બન્યા પછી કેબિનેટમાં તેમની ખાલી જગ્યા સહિત હજી વધુ આઠ સભ્યોનો ઉમેરો થઈ શકે તેમ છે. જો કે એક હકીકત એ પણ છે કે ક્ષમતા હોય, વિસ્તારમાં લોકપ્રિય હોય કે પાર્ટીમાં વફાદારી બતાવી હોય તેમને ભાગ્યેજ પસંદ કરવામાં આવતા હોય છે, કારણ કે પાર્ટી કોઈપણ હોય, કેબિનેટમાં જ્ઞાતિ અને વિસ્તારનું પ્રતિનિધિત્વ ભૂલાતું નથી...

રૂપાણી નામ પ્રમાણે ગુણ બતાવી શકશે ખરા ...

ગુજરાતની પ્રતિષ્ઠાભરી રાજકોટની બેઠક ઉપર ભૂતપૂર્વ સાંસદ વિજય રૂપાણીનો વિજય થયો તો તેઓ ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલની કેબિનેટમાં સ્થાન પામશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. તેમની સાથે આ સરકારમાં પ્રથમવાર તેવર બતાવીને શક્તિ પ્રદર્શન કરવા ઈચ્છતા પુરૂષોત્તમ સોલંકી અને કોળી ધારાસભ્યોમાંથી ખાસ કરીને પુરૂષોત્તમના ભાઈ હિરાભાઈ સોલંકીને કેબિનેટમાં તક મળે તેવું લાગી રહ્યું છે. કોંગ્રેસના દાવા પ્રમાણે વિજય રૂપાણીની હાર થઈ તો તે આનંદીબેનની સરકાર માટે મોટો આંચકો સાબિત થાય તેમ છે, કારણ કે વજુભાઈ વાળાની પરંપરાગત બેઠકએ ભાજપનું નાક માનવામાં આવે છે, જો કે ભાજપને વિશ્વાસ છે કે આ પેટા ચૂંટણીમાં રૂપાણીનો વિજય થશે...

ચીફ સેક્રેટરી પદ માટે નંદા હોટ ફેવરીટ ...

ગુજરાતના વહીવટી વડાની પોસ્ટ માટે ડો.એસ. કે. નંદા હોટ ફેવરીટ છે. વિવિધ વિભાગોમાં કામ કરી તેમણે તેમની ક્ષમતાનો પરિચય આપ્યો છે. હવે ગુજરાતના ચીફ સેક્રેટરી બનવા જઈ રહ્યાં છે. નંદા આમ તો છ મહિના પહેલા આ પદ પર આવી શકયા હોત પરંતુ લોકસભાની ચૂંટણીના કારણે ચીફ સેક્રેટરી પદ પરથી નિવૃત્ત થઈ રહેલા ડો. વરેશ સિંહાને પ્રથમ ત્રણ મહિના માટે ત્યારબાદ ફરી ત્રણ મહિના માટે એક્સટેન્શન આપવામાં આવ્યું હતું જેની મુદત ૩૧મી ઓક્ટોબરે પૂર્ણ થાય છે. આ પદ માટે હસમુખ અઢિયા અને ડી. જે. પાંડિયનના નામો ઉછળ્યા હતા પણ હવે બીજું કોઈ વિઘ્ન ન આવે તો ૧લી નવેમ્બરે બ્લોક નંબર-૧ના પાંચમા માળે ડો. એસ. કે. નંદા બિરાજમાન હશે. હાલ તેઓ ગૃહ વિભાગમાં એસીએસના પદ ઉપર છે....

જાન્યુઆરી એટલે ઇન્ટરનેશનલ મહિનો ...

મહાત્મા મંદિરને કોર્પોરેટ ટચ આપવામાં આવી રહ્યો છે. આ સ્થળે ૧૨૦ કરતાં વધુ દેશોના રાજદ્વારીઓ તેમજ ઉદ્યોગજૂથો ઉપસ્થિત રહેવાના હોવાથી પ્રત્યેક દેશના પ્રતિકો સહિતની ઈન્ટરનેશનલ કક્ષાની તૈયારીઓમાં ગુજરાત સરકાર વ્યસ્ત છે. દેશના પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી તેમના જ યજમાન શહેરમાં મહેમાન બનીને આવવાના હોવાથી ગાંધીનગરની સડકો ઉપર પણ સમારકામ ચાલુ છે. મહાત્મા મંદિરને વિધાનસભા સંકુલ સાથે જોડતા માર્ગને સુશોભિત કરવામાં આવ્યો છે. ગાંધીનગરના પ્રવેશદ્વારે ફરી એકવાર કમળનું પોન્ડ બનાવવામાં આવ્યું છે. વિવિધ દેશો ઉપરાંત ભારતના ૨૯ રાજયોને પણ વાયબ્રન્ટ સમિટમાં આમંત્રણ આપવામાં આવ્યું છે. જાન્યુઆરી મહિનો ગાંધીનગર માટે ઈન્ટરનેશનલ બન્યો છે....

બિઝનેસ ગુરૂ રિલાયન્સની યુવા ટીમ ...

ભારતના વિશ્વવિખ્યાત કોર્પોરેટ જૂથ રિલાયન્સમાં યુવા ટીમનો પ્રવેશ થયો છે. મુકેશ અંબાણીના યુવા વારસદારો ઈશા અને આકાશ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ટેલિકોમ અને રીટેઈલ વેન્ચર્સના બોર્ડના ડાયરેક્ટર પદે નિયુક્ત થયા છે. ૨૩ વર્ષની ઈશાએ ૧૬ વર્ષની ઉંમરે ફોર્બ્સ દ્વારા વિશ્વની બીજા નંબરની સૌથી યુવા વારસદાર તરીકે ખ્યાતિ મેળવી છે, તેણીએ યેલ યુનિવર્સિટીમાંથી સાઈકોલોજી ક્ષેત્રે સ્નાતકની પદવી મેળવ્યા બાદ યુએસની કન્સલ્ટન્ટ ફર્મ મેકકિન્સેમાં કામ કર્યું છે, જયારે આકાશે બ્રાઉન યુનિવર્સિટીમાંથી ઈકોનોમિક સાથે સ્નાતકની પદવી મેળવી છે. આ બન્ને તેમના પિતાની ઉંમરે જ કંપનીમાં જોડાઈ રહ્યાં છે. મુકેશ અંબાણી પણ ૨૪ વર્ષની વયે રિલાયન્સમાં જોડાયા હતા. ધીરૂભાઈ અંબાણીનો પરિવાર એ ગુજરાત જ નહી સમગ્ર ભારતનું ગૌરવ છે...

સેક્રેટરીયલ હાઉસ યુવાન બનતું જાય છે ...

ગુજરાતની વહીવટી તંત્રમાં યુવાનીનો જમાનો આવ્યો છે. વય નિવૃત્ત થનારા ઓફિસરોની સંખ્યા પ્રતિવર્ષ વધતી જાય છે ત્યારે યુવા ઓફિસરો જોડાતા જાય છે. આજે કોન્ટ્રાક્ટ ભરતીમાં યુવા ઓફિસરો અને કર્મચારીઓની મોટી ફોજ વહીવટી તંત્રને આગળ ધપાવે છે. ગુજરાતનો પોલીસ બેડો જેમ યુવાન બન્યો છે તેમ સચિવાલય પણ હવે તો યુવાન થતું જાય છે. રાજયને ફાળવેલા ૨૫૦ જેટલા આઈએએસ ઓફિસરો પૈકી એક અનુમાન પ્રમાણે ૭૫ ટકા ઓફિસરો યુવાન છે. ૨૦૧૭ પછી તો આઈએએસની આખી કેડર યુવાનોથી ભરચક બની ચૂકી હશે, જેમને નિવૃત્ત થયેલા સિનિયર ઓફિસરો માર્ગદર્શન આપશે. આ કામ એટલા માટે જણાવ્યું છે કે ગુજરાત સરકારમાં વય નિવૃત્તને વિવિધ વિભાગોમાં રાખવાની પરંપરા બની ચૂકી છે. આજે નિવૃત્ત થયેલા ૨૦ થી વધારે ઓફિસરો સરકારમાં ફરજ ઉપર છે...

મહારાષ્ટ્ર રાજ્યનો સિંહ કોણ બનશે ...

ગુજરાતના પાડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં પાંચ પાર્ટીઓ વચ્ચે ચૂંટણી જંગ ખેલાઈ રહ્યો છે. ૧૫મી ઓક્ટોબરના રોજ મહારાષ્ટ્રના મતદારો તેમના ચીફ મિનિસ્ટરને પસંદ કરશે, અલબત્ત કોઈ પાર્ટીએ ઓફિસિયલ ચીફ મિનિસ્ટરના કેન્ડિડેટ ઘોષિત કર્યા નથી પરંતુ શિવસેનામાં ઉદ્ધવ ઠાકરે, કોંગ્રેસમાં પૃથ્વીરાજ ચૌહાણ, એનસીપીમાં શરદ પવાર, એમએનએસમાં રાજ ઠાકરે અને ભાજપમાં દેવેન્દ્ર ફડનવિસ હોટ ફેવરીટ છે. હકીકતમાં મહારાષ્ટ્રનો સિંહ કોણ બનશે તે કહેવું અનિશ્ચિત છે, કારણ કે મતદારોએ પાંચ પાર્ટીઓમાંથી કોઈ એકને મત આપવાનો છે. ચૂંટણી પૂર્વેના સર્વેમાં દર્શાવાયું છે કે મહારાષ્ટ્રમાં સૌથી મોટી પાર્ટી તરીકે ભાજપ સફળ બનશે, જો તેમ થાય તો ભાજપ કઈ પાર્ટીનો સાથ લે છે તે સૌથી મોટો ટોકીંગ પોઈન્ટ બનશે...

શરદ ભાજપ સાથે ભળી શકે તેમ છે ...

ચૂંટણી પરિણામો પછી ભાજપ, શરદ પવાર અને તેમની એનસીપી સાથે બેસીને સરકાર બનાવે તેવી શક્યતાનો ઈન્કાર થઈ શકતો નથી, કારણ કે શિવસેના સાથે ભાજપના સબંધોમાં ખટરાગ ઉભો થયો છે. એટલે કે મહારાષ્ટ્રમાં પરિણામો પછી રાજકીય ફલક ઉપર નવી ધરી કદમ મૂકે તો નવાઈ પામવા જેવું નથી. હાલ તો છેલ્લા ૧૫ વર્ષથી કોંગ્રેસ-એનસીપીની સંયુક્ત સરકારે મહારાષ્ટ્ર ઉપર રાજ કર્યું છે. ગુજરાતના રાજકારણમાં શરદ પવારને લોકો ચીમનભાઈ પટેલના ગુરૂ માને છે...

શબ્દાવલી - ૫૫૩૧

૧		૨	■	૩	૪	૫	૬
	■		■	૭			
૮	૯	■	૧૦		■		■
૧૧			■	■	૧૨	■	૧૩
■		■	૧૪			૧૫	
૧૬		૧૭	■	■	૧૮		
	■	૧૯		૨૦	■		■
૨૧			■		■	૨૨	

આડી ચાવી

૧. રીત-પ્રથા (૩)
૩. સુધારો-વધારો થવો, ફેરબદલી (૪)
૭. બુદ્ધિનો બળદિયો, અક્કલનું... (૪)
૮. કંજૂસ (૨)
૧૦. સહિ, ઇન્ક (૩)
૧૪. ઇતિહાસને લગતુ (૫)
૧૬. દર્દ, દુઃખ (૩)
૧૮. ધંધા વગેરેમાં ડીલ કરનાર (૩)
૧૯. હિંમત, તાકાત (૩)
૨૧. ઘાટવું તે (૩)
૨૨. ફાયદો, નફો (૨)

ઊભી ચાવી

૧. એવોર્ડ, ઇનામ (૪)
૨. સ્તુતિ, પ્રાર્થના (૨)
૩. વિનાશ (૩)
૪. ઇચ્છા પુરી થવી, મુરાદ... આવવી (૨)
૫. દેખાવ, દર્શન (૩)
૬. તલ્લીન (૨)
૯. જીવવાની આશા, ઇચ્છા(૪)
૧૨. લાકડા કાપવાનું સાધન(૩)
૧૩. પાણીની ફરફર (૩)
૧૫. 'રંગ બરસે ભીગે ચુનરવાલી રંગ બરસે...' ગીત આ ફિલ્મનું છે (૪)
૧૬. ચર્ચા, ઝઘડો, તકરાર (૩)
૧૭. દબાવવું તે (૩)
૨૦. લાજ, શરમ (૨)

શબ્દાવલી ૫૫૩૦ના જવાબ

આડી ચાવી :- (૧) સલામી (૩) સાવચેતી (૫) સફર (૭) મકસદ (૯) દાનવ (૧૧) મન (૧૨) ભસ્યા (૧૪) રવ (૧૫) આણ (૧૬) આકાશવાણી (૧૭) કાકા (૧૮) ફરી (૧૯) શરાફત (૨૦) સંગીત

ઊભી ચાવી :- (૧) સલામતી (૨) લાયક (૩) સાફ (૪) વરદાન (૬) સદન (